# વાયબ્રન્ટ સમિટમાં ૨૫૫૭૮ એમઓયુ

## છેલ્લા વાઈબ્રન્ટની સરખામણીમાં ૨૫૦૦ વધુ એમઓયુ કરાયા : વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ૪૦૦૦ કરોડથી વધુના બાવન એમઓયુ કરવામાં આવ્યા : એમએસએમઈ ક્ષેત્રે ૧૮૫૩૩, મોટા ઉદ્યોગ ક્ષેત્રે ૫૯૩૮ કરાર

ગાંધીનગર, તા.૧૨

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭ની આખરે પૂર્ણાહુતી થઈ ગઈ છે. આ વાઈબ્રન્ટ સમિટમાં ૨૫૫૭૮ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જે વર્ષ ૨૦૧૪માં યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં થયેલા એમઓયુ કરતા ૨૫૦૦ની આસપાસ વધારે છે. જુદા જુદા ક્ષેત્રોમાં મોટાપાયે એમઓયુ કરવામાં આવ્યા છે. એમઓયુની વાત કરવામાં આવે તો વાઈબ્રન્ટ સમિટમાં એમએસએમઈ ક્ષેત્રમાં ૧૮૫૩૩, મોટાપાયે ઉદ્યોગોના ૫૯૩૮ અને ટેકનો સેરીંગ સાથે સંબંધિત ૧૧૦૭ એમઓયુ કરવામાં આવ્યા છે. કુલ ૨૫૫૭૮ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ચાર હજાર કરોડથી વધુના જે એમઓયુ છે તેમાં બાવન એમઓયુનો વાઈબ્રન્ટ સમાવેશ થાય છે. જ્યારે કેટલાક એમઓયુ ૨૦૦૦ કરોડથી ઓછાના છે. ૪૦૦૦ કરોડતી વધુના જે બાવન એમઓયુ કરવામાં આવ્યા છે તેમાં એગ્રો ક્ષેત્રના બે, પેટ્રોના બે, એનજી ઓટોના ચાર, આઈટી અને બીટીના બે, પોર્ટના ત્રણ, પાવર ગેસના ત્રણ એમઓયુનો સમાવેશ થાય છે. આ અંગેના સત્તાવાર આંકડા આજે જારી કરવામાં આવી ચુકયા છે. અત્રે ઉલ્લેખનિય છે કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ૨૧મી સદીમાં સૌથી વધુ વિકાસની શકયતા ધરાવતા બાયોટેકનોલોજી ક્ષેત્રે ૩૭ કંપનીઓ દ્વારા ૫૦૨૨ કરોડના ૫૪ એમઓયુ અને આઈટી ક્ષેત્રે ૧૬૦૦૦ કરોડના ૭૯ એમઓયુ થયા હતા. આંકડાની વિગત મળ્યા બાદ જાણવા મળ્યું છે કે બાયોટેકનોલોજી ક્ષેત્રે એમઓયુ કરનાર કંપનીઓમાં ૧૪ કંપનીઓએ ફાર્મા અને હેલ્થકેર બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૨૨૮ કરોડ, ૪ કંપનીઓએ ઈન્ડસ્ટ્રિયલ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૦૭૬ કરોડ, ૩ કંપનીઓએ બીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૬૦૫ કરોડ, ૧૫ કંપનીઓ કૃષિ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૯૩.૧ કરોડ, પાંચ કંપનીએ પર્યાવરણ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૯.૫ કરોડ, ૪ કંપનીઓએ બાયોસર્વિસ ક્ષેત્રે ૨૪ કરોડ, ૩ કંપનીઓએ મરિન બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૦.૫ કરોડ, ૨ કંપનીઓએ બાયોઈન્ફોર્મેટિકસ સેવાઓ ક્ષેત્રે ૩.૭ કરોડ અને ૧ કંપનીએ બાયોટેકનોલોજી ઈન્સ્ટ્રુમેન્ટેશન ક્ષેત્રે ૨ કરોડના રોકાણના ઈરાદાઓ વ્યક્ત કર્યા છે. સમગ્ર દેશમાં વર્ષ-૨૦૦૫માં બાયોટેકનોલોજી આધારિત ઉદ્યોગોનો વિકાસ ૧.૧ બિયિયન યુએસ ડોલરમાં હતો જે આજે ૭ બિલિયન યુએસ ડોલર્સે પહોંચ્યો છે. જે વર્ષ ૨૦૨૫માં ૧૦૦ બિલિયન યુએસ ડોલર્સે પહોંચે તેવી સંભાવના છે.

ચુડાસમાએ બાયોટેકનોલોજી ક્ષેત્રે વિકાસ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, બાયોટેકનોલોજી ક્ષેત્રે કંપનીઓ કાર્યરત હતી જ્યારે આજે ૧૭૫ કંપનીઓ બાયોટેકનોલોજી ક્ષેત્રે વિવિધ ઉદ્યોગોમાં સક્રિય છે, જે રાજયને અંદાજે ૪૫૦૦ કરોડની મહેસુલી આવક અપાવે છે તેમાં ફાર્મા બાયોટેકનોલોજી એગ્રી બાયોટેકનોલોજી, એન્વાયરમેન્ટલ બાયોટેકનોલોજી આધારિત ઉદ્યોગો અગ્રીમ સ્થાને છે. વાઈબ્રન્ટ સમિટની પૂર્ણાહુતિ થઈ છે. વાઈબ્રન્ટ સમિટની શરૂઆત ૧૦મી જાન્યુઆરીના દિવસે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે થઈ હતી.




### વાઈબ્રન્ટ : એમઓયુ ચિત્ર

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭ની પુર્ણાહુતી થઈ છે. આ સમિટમાં કેટલા એમઓયુ થયા તે સંદર્ભમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પુરતી માહિતી આપી હતી. એમએસએમઈ સેકટર એમઓયુના મામલામાં સૌથી આગળ છે. તે ક્ષેત્રમાં ૧૮૫૫૩ એમઓયુ થયા છે. વાઈબ્રન્ટ ૨૦૧૭માં જુદા જુદા ક્ષેત્રોમાં જે એમઓયુ થયા છે તેનો આંકડો નીચે મુજબ છે.

| સેકટર | એમઓયુની સંખ્યા |
|---|---|
| એગ્રો-ફુડ પ્રોસેસીંગ | ૩૮૧ |
| એનિમલ હસબેન્ડરી, ફિશરીંગ | ૪૯૩ |
| કેમિકલ પેટ્રોકેમિકલ્સ | ૨૬૮ |
| એજ્યુકેશનલ | ૧૯૦ |
| એન્જિનિયરીંગ, ઓટો, અન્ય | ૯૪ |
| પર્યાવરણ અને વન્ય | ૨૫૯ |
| ફાઈનાન્સિયલ સર્વસ | ૯૩ |
| હેલ્થકેર-ફાર્મા | ૨૮૫ |
| ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લોજિસ્ટિક | ૧૨૩ |
| ઈન્ફોર્મેશન ટેકનોલોજી-બાયોટેકનો | ૧૪૭ |
| મિનરલ આધારીત પ્રોજેક્ટ | ૪૯૦ |
| પોર્ટ અને પોર્ટ આધારીત | ૮૭ |
| પાવર, ઓઈલ ગેસ સેકટર | ૪૨૫ |
| રોડ-રેલ પ્રોજેક્ટ | ૪૧ |
| રૂરલ ડેવલોપમેન્ટ | ૩૮૦ |
| અર્બન હાઉસીંગ | ૧૬૮ |
| સર | ૨૮ |
| સ્પોટ્ર્સ કલ્ચર | ૭ |
| ટેક્સટાઈલ એપરલ | ૧૫૧ |
| ટ્યુરીઝમ-સિવિલ એવિએશન | ૧૪૫ |
| અર્બન ડેવલોપમેન્ટ | ૧૬૨૫ |
| વોટર મેનેજમેન્ટ | ૫૧ |




## મહેન્દ્ર લાઈફ ૩૦૦૦ કરોડનો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવશે

ગાંધીનગર, તા.૧૨

મહેન્દ્ર લાઈફ સ્પેસ અમદાવાદમાં ૩૦૦૦ કરોડના મૂડીરોકાણનો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવશે. આ કંપનીના સીઈઓ સંગીતા પ્રસાદ કહે છે કે ગુજરાતમાં અમારો આ પહેલો પ્રોજેક્ટ છે. અમે આ અગાઉ તામિલનાડુ અને રાજસ્થાનમાં પ્રોજેક્ટ કર્યા છે.

ગુજરાતમાં અમદાવાદ પાસે આ કંપનીએ ૩૫૦ એકર જમીનમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવવા માટેની પ્રપોઝલ ગુજરાત સરકારને મોકલી છે. કંપનીએ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી હેઠળ સરકાર પાસે સુવિધા અને ઈન્સેન્ટીવ માગ્યા છે. સંગીતા પ્રસાદ કહે છે કે અમે ચેન્નાઈમાં ૧૫૦૦ એકર જમીનમાં અને જયપુરમાં ૩૦૦૦ એકર જમીનમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવ્યા છે.

અમદાવાદમાં ઉભા થનારા ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં અમે ઈલેક્ટ્રોનિક્સ, મેડિકલ ઈક્વિપમેન્ટ, એન્જીનિયરીંગ તેમજ અન્ય ઈન્ડસ્ટ્રીયલ કસ્ટમર્સને જગ્યા પ્રોવાઈડ કરવાના છીએ. અમે સરકારને ડીપીઆર મોકલ્યો છે અને ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પછી અમને એપ્રુવલ પણ આપવામાં આવી છે.

આ પાર્કમાં અમે ૩૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવા માગીએ છીએ અને સ્થાનિક કક્ષાએ ૧૨૦૦૦ યુવાનોને આ જગ્યાએ નોકરી પ્રોવાડઈ કરાશે. ગુજરાતમાં અમારો આ પહેલો પ્રોજેક્ટ છે.

## વેપાર-ઉદ્યોગ જગતના રોકાણના તમામ માર્ગો ગુજરાત તરફ વળ્યા છે : રૂપાણી

ગાંધીનગર, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાતના ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૧૭ના ત્રીજા દિવસે બિનનિવાસી ગુજરાતીઓના એક પ્રતિનિધીમંડળે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. વિદેશમાં વસતા મૂળ ગુજરાતીઓએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી નવતર પરંપરાઓને અગ્રીમ લઈ જવા બદલ શ્રી રૂપાણીને અભિનંદન આપ્યા છે.




મુખ્યમંત્રીએ બિનનિવાસી ગુજરાતીઓને વિદેશમાં ગુજરાતના પ્રતીકરૂપ ગણાવ્યા હતા. તેમણે એનઆરજીની ગુજરાતના વિકાસમાં ભૂમિકાની પણ સરાહના કરી હતી.

અમેરિકા વસતા સુરેશભાઈ જાનીએ વાયબ્રન્ટ ગુજરાત સમિટ થકી રોકાણકારોને ગુજરાત તરફ આકર્ષવામાં ગુજરાત સરકારની સફળતા બદલ મુખ્યમંત્રીશ્રી રૂપાણીને બિરદાવ્યા હતા.

બિનનિવાસી પ્રભાગના રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ બિનનિવાસી ગુજરાતીઓએ વિદેશમાં પોતીકી અસ્મીતા અને માતૃભૂમિનું ગૌરવ કર્યુ હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિદેશની ધરતી ઉપર ગુજરાતીપણાની સુવાસ-સક્રિયતા ફેલાવનારા શ્રી સુરેશભાઈ જાનીનું સન્માન અભિવાદન કર્યુ હતું. સુરેશભાઈ એ અમેરિકામાં ૧૯૮૭થી વસવાટ કર્યો ત્યારથી જ ગુજરાતની સંસ્કૃતિ, ભાષા, સંગઠન, માનવતાના વિવિધ સેવાકાર્યોમાં સક્રિય યોગદાનથી વતનની માટીની મહેક પ્રસરાવી છે.

## મુખ્યમંત્રી સાથે એમ્બેસેડર ઓફ નેપાળની વન-ટુ-વન બેઠક

ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે આજે વાયબ્રન્ટ સમિટના ત્રીજા દિવસે વન-ટુ-વન બેઠક શ્રેણી અંતર્ગત એમ્બેસેડર ઓફ નેપાળ શ્રી દિપકુમાર ઉપાધ્યાયે બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ આ બેઠકની ચર્ચામાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પડોશી રાષ્ટ્રો સાથે જે સુમેળ-ઉષ્માભર્યા સંબંધો મજબૂત કરવાની દિશામાં કદમ ઉઠાવ્યા છે. તેમાં નેપાળ પણ પ્રાયોરિટી કન્ટ્રી છે.

રાજદૂત દિપકુમારે પણ આ વાયબ્રન્ટ સમિટથી ઈન્ડો-નેપાળ ફ્રેન્ડશીપને નવું બળ મળશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. વાયબ્રન્ટમાં સ્માર્ટ ઈન્વેસ્ટર્સઃ આવો અમારા દેશમાં રોકાણ કરો. ગાંધીનગર-વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાની અપીલ કરી છે પરંતુ વિવિધ દેશમાંથી આવેલા ડિપ્લોમેટ્સ તરફથી તેમના દેશમાં રોકાણ કરવાની અપીલ કરી રહ્યાં છે.

વાઈબ્ર‍?ટ ગુજરાતનો યુએઈના રાજદૂતે પ?લેટફોર્મ તરીકે ઉપયોગ કરીને ગુજરાતીઓને શારજાહ અને દુબઈમાં રોકાણ કરવાનું આહવાન કર્યુ હતું. આવું ગુજરાતમાં જ બની શકે છે. કન્ટ્રી સેમિનારમાં યુએઈના રાજદૂત ડો. અહમદ અલો બન્નાએ કહ્યું હતું કે શારજાહમાં રોકાણની ઉજળી તકો રહેલી છે તેથી ગુજરાતી ઉદ્યોગપતિઓએ અમારા દેશમાં રોકાણ કરવું જોઈએ.

# શહેરમાં ટ્રેડ શો નિહાળવા માટે માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા.૧૨

ગ્લોબલ ટ્રેડ શો આજે આમ નાગરીકો માટે ખુલ્લા મુકી દેવાતા પ્રદર્શન સેન્ટર પર ભારે ભીડ જોવા મળી હતી. સવારથી જ શાળા કોલેજના વિદ્યાર્થીઓ પણ મોટીસંખ્યામાં ટ્રેડ શો માં ઉમટી પડ્યા હતા. ટ્રેડશો માં આર્મીના શસ્ત્ર સરંજામ સહિત સેલ્ફ પાયલોટીંગનો અનુભવ લેવા યુવાનોમાં ભારે ક્રેઝ જોવા મળ્યો હતો. ટ્રેડ શોમાં આજે સૌથી વધુ મુલાકાતીઓ આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ અને યુવાનોની સંખ્યા નોંધપાત્ર રહી હતી. ગાંધીનગર ઉપરાંત રાજયના વિવિધ શહેરોમાંથી પણ નાગરીકો ટ્રેડ શો નિહાળવા આવી પહોંચતા શહેરના માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોના આંતરીક વિસ્તારો પણ






પાર્કીંગ પેલેસમાં ફેરવાઈ ગયા હતા.

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટ સમિટને દેશ-વિદેશમાંથી મહેમાનો આવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી નગરમાં ધમધમાટ વધી ગયો છે. શહેરના માર્ગો પર ગાડીઓના ખડકલા અને માનવ મહેરામણ જ જોવા મળે છે. શહેરમાં પણ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ત્યારે વાયબ્રન્ટ સમિટમાં ટ્રેડ શો આજે સામાન્ય નાગરીકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. વિવિધ ડોમ માં અસંખ્ય સ્ટોલ આવેલા છે. જેને નિહાળવા માટે રાજયભરમાંથી નાગરીકો આવી પહોંચ્યા હતા. આજે પ્રથમ દિવસે જ સવારથી શાળા અને કોલજના વિદ્યાર્થીઓની સંખ્યા સવિશેષ જોવા મળી હતી. ટ્રેડ શો માં પણ અતિશય નાગરીકો આવી પહોંચતા ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. શહેરમાં હૈયે થી હૈયુ દળાય તેવી ભીડ જામી હતી જયરા નગરમાં જયા નજર કરો ત્યાં ગાડીઓનો ખડકલો જોવા મળતો હતો.શહેરમાં સવારથી સાંજ સુધી સતત ધમધમાટ જોવા મળ્યો હતો. ટ્રેડ શો નિહાળવા આવેલા મુલાકાતીઓ આસપાસના સેકટરોના આંતરીક માર્ગો પર ગાડીઓ મુકીને જતા રહેતા સેકટરો પણ પાર્કીંગ પેલેસ બની ગયા હતા. જયારે ટ્રાફિક નિવારણ માટે સતત ટ્રાફિક પોલીસ દોડતી નજરે પડી હતી. ત્યારે નગરમાં ટ્રેડ શો જાવા માટે આજ કરતા પણ વધુ મુલાકાતીઓ છેલ્લા દિવસે આવે તેવી સંભાવના છે.




